RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : ૪


સપ્ટેમ્બર - ૨૦૧૫

કિંમત - રૂ.૧૦/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખપદે નિયુક્ત થયા બાદ શ્રી પ્રવિણભાઈ કોટકનો પ્રથમ વિદેશ પ્રવાસ

તાજેતરમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક લંડન સ્થિત જ્ઞાતિ અગ્રણીઓના આમંત્રણને માન આપી પૂજ્ય રમેશભાઈશ્રીની કથામાં હાજરી આપવા યુ. કે. ગયેલ જેમાં સાત દિવસના આ સત્સંગ દરમિયાન વિવિધ જ્ઞાતિ અગ્રણીઓ સાથે મુલાકાત કરી શ્રી લોહાણા મહાપરિષદની મજબૂત ટીમ બનાવવા તેમજ ભારતમાં થતી વિવિધ સેવાકિય તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકલનમાં રહી યુ. કે. ખાતે પણ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે લંડન સ્થિત જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા ધામેચા હોલમાં નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું જેમાં અંદાજે ૧૦૦૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે પૂજ્ય રમેશભાઈ ઓઝાએ પણ પોતાના આશીર્વચન આપ્યા હતા અને સભાને જણાવ્યું હતું કે, શ્રી પ્રવિણભાઈ કોટક જેવા પ્રમુખ આ સમાજને મળ્યા છે તે ભાગ્યની વાત છે.

અત્રે લંડનના અગ્રણીઓ શ્રી વિનોદભાઈ ઠકરાર, શ્રી પ્રદીપભાઈ ધામેચા, શ્રી રામાબાપા, સુશ્રી પન્નાબેન રાજા, શ્રી કિરીટભાઈ કારિયા, શ્રી નરેશભાઈ નાગ્રેચા તથા આફ્રિકાથી ખાસ પધારેલા શ્રી કેતનભાઈ કોટેચા, સુશ્રી જ્યોત્સનાબેન સુધીરભાઈ રૂપારેલ તથા જ્ઞાતિ અગ્રણીઓ સાથે પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ લોહાણા જ્ઞાતિની સંગઠન માટેની પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી.











વર્ષ : ૪
સપ્ટેમ્બર - ૨૦૧૫
અંક : ૪૬
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

મુદ્રક / પ્રકાશક
શ્રી પ્રવિણભાઈ કોટક
તંત્રી (કાર્યકારી)
હિમાંશુ ઠક્કર

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

## અનુક્રમણિકા

| | |
|---|---|
| પ્રમુખશ્રીનો યુ. કે. પ્રવાસ | ૨ |
| માતૃસંસ્થાની અટારીએથી... | |
| શ્રીકૃષ્ણ પ્રાગટ્ય | ૪ |
| પરિણય પરિચય | ૫ |
| પ્રમુખશ્રીનો નાશિક - મુંબઈ પ્રવાસ | ૬ |
| સ્વીકાર અને સમાધાન | ૬ |
| કાર્યાલય સમાચાર | ૯ |
| સંસ્થા સમાચાર | |
| નિબંધ સ્પર્ધા- શાબાશ રઘુવંશી | ૧૫ |

સળંગ વર્ષ : ૧૭ સળંગ અંક : ૨૦૪

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

# માતૃસંસ્થાની અટારીએથી...



આત્મીય રઘુવંશી ભાઈ–બહેનો,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

આપ સૌની કુશળતા ઇચ્છુ છું. પરમકૃપાળુ પરમાત્માની અસીમકૃપાથી આપણો સમાજ પ્રગતિના પંથે આગળ વધી રહ્યો છે ત્યારે આપણા સૌ માટે આનંદની વાત છે. આપણા જ્ઞાતિબંધુઓની પ્રગતિમાં ગામે ગામ દરેક વિસ્તારોમાં કાર્યરત મહાજનો, સંસ્થાઓ તથા ટ્રસ્ટોનો અહમ્ ફાળો છે. આવી આપણી દરેક સંસ્થાઓનું જે જે વડીલોએ તન–મન અને ધનથી સિંચન કર્યું છે તે તમામને આ તબક્કે વંદન કરું છું. છેલ્લા દિવસોમાં મારી સાથે દેશભર તેમજ વિદેશમાંથી સતત ટેલિફોનિક વાતચીતનો પ્રવાહ ચાલુ છે તે પરથી આપણા સમાજમાં આવેલી જાગૃતિ ચરમસીમાએ છે તેવું મને લાગી રહ્યું છે. જો આપણે સૌ સતત સંગઠિત રહી, નાની મોટી વાતોને નજર અંદાજ કરી સંપૂર્ણ સોહાર્દથી આગળ વધતા રહીશું તો રઘુવંશની ગરિમાને આપણે એક નવી ઊંચાઈએ લઈ જઈ શકીશું.

શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત ભારત તેમજ વિદેશના તમામ વિભાગોમાં સામાજિક કાર્યો કરવા માટે આવશ્યક એવા જવાબદારી સાથેના યોગ્ય હોદ્દાઓ પર યોગ્ય વ્યક્તિઓની નિમણૂંક કરી શ્રી લોહાણા મહાપરિષદની એક સશક્ત ટીમ બનાવીશું. આમતો માતૃસંસ્થા સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ આપણા સભ્યો જ છે અને આ સભ્યો થકી જ શ્રી લોહાણા મહાપરિષદ જાજરમાન લાગે છે. પરંતુ બંધારણની મર્યાદામાં રહી જ્યારે મારે ફક્ત ૧૩૬ સભ્યો દેશભરમાંથી નિમવાના હોય તે પસંદગી વ્યક્તિગત રીતે મારા માટે અઘરી નહીં પણ અશક્ય જ લાગે છે ત્યારે અમારી કોર કમિટી દ્વારા જે પણ નામો નક્કી થાય તેમને આપ હરહંમેશ સાથ સહકાર આપશો અને આપ અમારી સાથે જ છો તેવો અહેસાસ અમને કરાવતા રહેશો અને સમાજના વિકાસમાં જે જે ક્ષેત્રમાં જે પ્રકારની સેવાની જરૂરિયાત હોય તે હરહંમેશ ચાલુ રાખશો અને મધ્યસ્થ કાર્યાલય પર અમને માહિતગાર કરતા રહેશો.

મારા પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી કાર્યકારી રીતે સેવાભાવી મિત્રોને જવાબદારી સોંપી એજ્યુકેશનલ સ્કોલરશિપ માટે આવેલા લગભગ ૪૨૫૦ જેટલા ફોર્મની યોગ્ય રીતે ચકાસણી કરાવી તમામ સંસ્થાઓ તથા મહાજનોના ભલામણથી આવેલા અરજીપત્રકના ચેકો રવાના કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત આમતો મોટાભાગના તમામ હોદ્દાઓની નિમણૂંક બાકી હોવા છતાં આપણું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ અવિરત ચાલુ રહે તે માટે મંત્રી શ્રી હિમાંશુભાઈને મેં કાર્યકારી તંત્રી તરીકે આ અંક તૈયાર કરવાની જવાબદારી આપી જે તેમણે સુપેરે નિભાવી અને આ અંક આપ સુધી અમે પહોંચાડી રહ્યા છીએ.

છેલ્લા કેટલાય દિવસોથી કહેવાતા સભ્ય સમાજના લોકો દ્વારા અનામત માટે આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. રઘુવંશી સમાજ દ્વારા પણ દરેક જિલ્લાઓમાં પણ લોહાણા સમાજને પણ પોતાનો હક મળે તે માટે લાગણીઓ વ્યક્ત કરવામાં આવી છે. સર્વે સંસ્થાઓ તથા મહાજનો દ્વારા ખૂબ જ શાંતિપૂર્ણ રીતે આપણા સમાજની ગરિમા ક્યાંય ઓછી ન થાય તે રીતે રજૂઆત કરવા બદલ હું સૌને ધન્યવાદ આપું છું. આ અંગે, અમે મુખ્યમંત્રી સુશ્રી આનંદીબહેન પટેલ સાથે ટેલિફોનિક વાત કરી, તેમની સૂચના અનુસાર કમિટીના કન્વીનર શ્રી નિતીનભાઈ પટેલનો સમય લઈ તેમને રૂબરૂ મળી આવેદનપત્ર આપી લગભગ અડધો કલાક મંત્રીશ્રીઓ સાથે આ અંગે ચર્ચા–વિચારણા કરી હતી અને મંત્રીશ્રીઓએ લોહાણા સમાજને પણ આ અંગેના નિર્ણયમાં કોઈપણ પ્રકારનો અન્યાય ન થાય તેની બાંહેધરી આપી હતી. આમ છતાં, જ્ઞાતિહિતમાં જ્યારે કંઈ પણ પ્રકારની સંગઠનાત્મક પ્રવૃત્તિઓની જરૂર હશે ત્યારે શ્રી લોહાણા મહાપરિષદ સર્વે સંકલિત સંસ્થાઓ, મહાજનો તથા ટ્રસ્ટો સાથે યોગ્ય વાટાઘાટો કરી જરૂરી કાર્યવાહી કરી સરકારશ્રીને રજૂઆત કરશે.

એક પત્રકાર મિત્રએ મને પૂછતાં મેં જણાવ્યું કે ''મારે લોહાણા સમાજની એવી અમાનત ઊભી કરવી છે કે ''અનામત'' આપણા માટે તુચ્છ બની જાય.

અંતમાં, આ પવિત્ર શ્રાવણ માસ અને વિશેષમાં કુંભમેળાના આ પવિત્ર દિવસોમાં પરમકૃપાળુ પરમાત્મા સર્વે રઘુવંશી પરિવારોને સુખ–શાંતિ અને સમૃદ્ધિ આપે તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકલિત પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યોને અવિરત સમાજસેવા કરવાનું વિશેષ બળ ભગવાન ભોળાનાથ આપે એવી સચ આશા સહ..

આપનો શુભચિંતક,

**પ્રવિણ ટી. કોટક**
**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

# આવો આપણા ઘેર ''શ્રી કૃષ્ણ પ્રાગટ્ય'' કરીએ

જેમ આપણે બધાં જાણીએ છીએ તેમ હિંદુ ધર્મમાં ભગવાન શ્રીહરીનો આઠમો અવતાર શ્રીકૃષ્ણ અવતાર થયો, ભગવાન પૂર્ણ પુરુષોત્તમ તરીકે ઓળખાયા. શ્રીકૃષ્ણ મથુરામાં કંસના કારાગૃહમાં માતા દેવકી અને વસુદેવ સમક્ષ પ્રગટ્યા અને ગોકુળમાં મૈયા યશોદા અને નંદબાવાને ઘેર બાળ લીલા કરી. કંસના રાજ્યનું મૂળ સહિત દમન કરી અને રાજા દ્વારકાધીશ બન્યા. ત્યારબાદ મહાભારતના ધર્મ યુદ્ધમાં શસ્ત્ર ઉપાડ્યા વગર અધર્મનો નાશ કર્યો અને ધર્મનું પુનઃ સ્થાપન કર્યું.

તો આવો આવા પૂર્ણ બ્રહ્મ ભગવાનને આપણી વચ્ચે પ્રગટ કરીએ અને જીવન કૃષ્ણમય બનાવીએ.



માનવનું મન જ મથુરા છે, મથુરાની જેમ માનવના મનમાં પણ અગ્રસેન ધર્મ સાથે રાજ કરવા માંગે છે પણ કંસ ભોગ, વિલાસ અને અધર્મ સાથે રહે છે. આપણા મનમાં જ્યારે ધર્મ જાગે ત્યારે અગ્રસેનનો હુકમ ચાલે અને ભોગ વીલાસી મન કંસનું રાજ્ય ભોગવતું હોય છે. ધીરે ધીરે માનવ સ્વભાવને આધીન મને ભોગ વિલાસમાં વધારે રચ્યુંપચ્યું રહે ને કળીકાલના પ્રભાવથી મનમાં પૂર્ણતઃ ભોગવિલાસ આદિ વિકારો (કંસ)નું રાજ્ય સ્થપાઈ ધર્મ (અગ્રસેને) બંદી બની જાય છે. આમ અહીં કંસનું જોર વધે અને શ્રદ્ધા રૂપા દેવકીજી અને વિશ્વાસરૂપી વસુદેવજી પણ કંસના કારાગૃહમાં કેદ થઈ જાય છે.

ધીરે ધીરે કંસ પોતાના બળ થકી માનવ શરીરરૂપી ગોકુળ અને શરીરના ઇન્દ્રીય રૂપી વ્રજના નાના નાના ગામ ઉપર પોતાનો હુકમ ચલાવવા લાગે ને ભોગી બનેલી ઇન્દ્રીયોને ખતમ કરતો જાય, આમ મન બગડવાથી શરીર પાપકર્મમાં પરોવાય છે.

અહીં પાપથી ખદબદતા માનવના મન (મથુરા)ને તન (વ્રજભૂમિ)ને પાપથી મુક્ત થવા ભગવાનની જરૂર પડે અને ભગવાનના પ્રાગટ્ય માટે જરૂર પડે સાચા સંત (નારદજી)ની કોઈ સદ્‌ગુરુની શરણ જ માનવ ને પાપથી બચાવે તો જ્યારે ભગવદ્ કૃપાથી કોઈ સાચા સંતનું શરણ મળે ત્યારે આપણે સદ્‌ભાગ્ય સમજી સત્સંગ ને અપનાવવો જોઈએ બસ... આવા સંત જ નારદ સમાન આપના જીવનમાં ભાગ ભજવી જાય છે અને આપણા મનમાં ક્યારેક પ્રથમ પુત્ર ધન, દ્વિતીય દયા, ત્રીજો પવિત્રતા, સોચ, સત્ય, ભગવત્‌પૂજા એમ ક્રમશઃ છ પુત્રનો જન્મ થાય પણ મનનો ભોગ વધારે ગમતા હોવાથી અંદર રહેલો કંસ આ સદ્‌ગુણોનું એક સાથે જ દમન કરી નાખે છે ને મન ભોગો તરફ ભટક્યા કરે.

જ્યારે સપ્તમપુત્ર બળદેવજીરૂપી સંકીર્તન જન્મે ત્યારે ભગવાન મનરૂપી મથુરામાંથી શરીરરૂપી ગોકુળમાં સંકીર્તનને પધરાવે આમ સત્સંગથી મનનો હજીયે ભોગમાં ભટકે પણ તનરૂપી ગોકુળ ભગવાન્નામ સંકીર્તન કરવા લાગે. ભગવાનના નામ જપના કારણે ધીરે ધીરે મન પર અસર થવા લાગે ને કંસનેય ખબર ન પડે એમ ક્યારેક મનમાં ભગવાન પ્રત્યે ભાગ જાગી જાય ને મનમાં શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થઈ જાય. અહીં મનરૂપી મથુરામાં રહેલા વિકારોરૂપી રાક્ષસો ભગવાનમાં મન પરોવા ના દેતા મન ફરી ભટકે પણ શ્રીકૃષ્ણની બાળલીલાઓ ગોકુળરૂપી તનમાં થવા માંડે એટલે કે માનવની એવી દશા જ્યાં શરીર તો સત્‌કર્મમાં હોય પણ મન બીજે ભોગોમાં ભટકતું હોય. અહીં ભગવાન ગોકુળરૂપી શરીર દ્વારા ભજન થવાથી મનમાં રહેલ વિકારો જે શરીર પર પ્રભાવ પાડવા આવે તેનું એક એક કરી દમન કરે પહેલાં વાસનારૂપી પુતના મરે, કામરૂપી અઘાસુર, ક્રોધરૂપી બકાસુર, આદી એક એકને મારી મનમાં ભગવદગુણોનો પ્રવેશ કરાવી પોતે મનરૂપી મથુરામાં પ્રવેશી મોહરૂપી ચાણુર અને દેહાભિમાનરૂપી કંસને મલ્લો સહિત જળમુખથી મારી વિશ્વાસ અને શ્રદ્ધાને બંધનમાંથી છોડાવી ફરી અગ્રસેન રૂપી ધર્મ ને મનનું રાજ સોંપી દ્વારિકા પ્રસ્થાન કરે છે.

આમ માનવ મન ને તન બન્ને જ્યારે કૃષ્ણમય બને ત્યારે માનવ પરમ પવિત્ર સુવર્ણ નગરી દ્વારિકા જેવો થઈ જાય અને આત્મા માં જ કૃષ્ણ તત્વ જાગૃત થઈ જાય એટલે સુવર્ણ નગરી દ્વારકા (ભક્તોનો દેહ)માં કૃષ્ણ (આત્મા)ને ભગવાનનો અંશ છે એનું રાજ્ય સ્થપાય છે, આમ આત્મજ્ઞાન થાય ને આત્મા ભગવાનમાં લીન થઈ જાય (મુક્તિ) અને દેહરૂપી સુવર્ણ દ્વારિકા પંચતત્ત્વમાં વિલીન થઈ જાય. અહીં આત્માજ્ઞાનથી મુક્તિ થાય ત્યાં સુધી સત્ય અને જુઠ વચ્ચેના યુદ્ધમાં અર્જુનથી જેમ ભગવાન (સત્ય)ને જ પકડી રાખવા પડે કારણકે માયા આવા સમયે જ માણસની પરીક્ષા કરવા કૌરવો, જરાસંઘ જેવા અનેક જુઠા ભોગો પ્રદાન કરે છે પણ જે શ્રીકૃષ્ણને શરણે રહે એ અવશ્ય મુક્ત થઈ માયાથી જીતી જાય છે.



સંકલન : આવિન જગદીશભાઈ મજીઠીયા
- અમદાવાદ

# 'પરિણય પરિચય પસંદગી'

'પરિણય' એ આપણા જીવનના અન્ય સંસ્કારોમાંનો એક મહત્ત્વનો સંસ્કાર સમયસર સુશીલ–સંસ્કારી પાત્ર મળવું એ સૌભાગ્યની વાત તો ગણાય જ પરંતુ સાથે સાથે સાચી દિશા તેમજ સચોટ માર્ગદર્શન પણ એટલું જ જરૂરી ગણાય. આજના નુતન યુગમાં 'પરિણય પરિચય પસંદગી' (Matrimonial Service) દિવસે દિવસે વધુ કપરી બનતી જાય છે. આ પાયાની જરૂરિયાત ઘણા બધા અંશે એક સમસ્યાનું રૂપ ધારણ કરી રહેલ છે તેની પાછળના અમુક કારણોની નોંધ અત્રે રજુ કરેલ છે, જેની આપણી જ્ઞાતિના વડીલો જરૂર નોંધ લ્યે.

- **જમાનાની સાથે પસંદગીના બદલાતા ધોરણ તેમજ અભિગમ. ખાસ કરીને મા-બાપ તેમજ યુવાઓની પસંદગી વચ્ચે વિશાળ અસમાનતા તેમજ વિરોધાભાસ.**
- **વડીલોની યુવા પેઢીને ઓળખવાની શિથિલતા તેમજ યુવા પેઢીની કૌટુંબિક મૂલ્યોને** (Blindly follow) **કરવાની ના મરજી.**
- **ઉચ્ચ ભણતરને આજની પેઢી માનસિક વિકાસ ને બદલે, સામાજિક ઉપયોગિતાથી જ તુલના કરે છે. ભણતર ખરેખર જીવનને સરળ, સંતુષ્ટ બનાવવાની ચાવીને બદલે વિવિધ 'ઉપાધિઓ'** (Degrees) **એ આજની યુવા પેઢીનું જીવન વધુ ભારી (ભારરૂપ) બનાવેલ છે.**
- **યુવા પેઢીની સાથે સાથે વડીલોની અપેક્ષાઓનું ધોરણ પણ અકલ્પનિત સ્તરે પહોંચેલ છે. જ્યારે વાસ્તવિકતા અગર સ્વીકારીએ તો આશ્ચર્ય થશે કે શરૂમાં થોડું ઘણું પણ બાંધછોડ ન કરનારા, સમય જતા ઘણી મોટી બાંધછોડ કરવા મજબુર થઈ જાય છે. સમયસર, વહેલાસર અવસરની અવહેલનાનું કરૂણાજનક દુ:ખદ પરિણામ આપણે સહુ બહુ જ નજીકથી અનુભવીએ છીએ.**
- **આજના જમાનાનો ભૌતિક વિકાસ, આજના સમયની જીવનશૈલી, દૂરદૂર વસતી અંત વિનાની અભિલાષાઓ, તેમજ એક સમયમાં વડીલોની નિ:સ્વાર્થ સેવામાં અમુક અંશે ઓટ આવતા 'પરિણય પરિચય પસંદગી' એક ખૂબ જ ભગીરથ કાર્ય બની ગયેલ છે.**
- **આપણા સહુનો રૂઢિગત અભિગમ તેમજ** Approach **આ કાર્યને વધુ ગુંચવણ તેમજ સમસ્યાનું રૂપ આપી રહેલ છે.**

આપણી જ્ઞાતિ સમક્ષ આજે 'પરિણય પરિચય પસંદગી' એક સળગતી સમસ્યા છે તેના નિવારણમાં પહેલું ચરણ અમોએ આપણી જ્ઞાતિના વડીલો – સંસ્થાઓના પ્રોત્સાહન, આશિર્વાદ, સહૃદયપૂર્વકના સહયોગ સાથે આ દિશામાં એક પગલું ભરેલ છે જે આપણી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આશિર્વાદ, માર્ગદર્શન તેમજ સહયોગ અક્ષત સફળ થશે.

'ગ્લોબલ લોહાણા ફાઉન્ડેશન' ના નેજા હેઠળ, જ્ઞાતિ હિતેચ્છુ, ઉત્સાહી કાર્યકરોનો નિ:સ્વાર્થ ભાવે એક ભગીરથ પ્રયાસ કે જેના પરિણામરૂપે, આપણી જ્ઞાતિ માટે નિ:સ્વાર્થ, પરિચય પસંદગીની સેવા આપતી સંસ્થાઓ અથવા વ્યક્તિઓ સમુહરૂપી મોતીઓને (IT) ની મદદથી એક માળા રૂપે જોડવામાં આવે તો પરિણામમાં ખરેખર એક અદ્ભુત, અમુલ્ય રત્નકણિકાઓથી પણ વિશેષ 'જ્ઞાતિ માળા'નું સર્જન થાય.શ્રી લોહાણા મહાપરિષદના નેજા હેઠળ – ગ્લોબલ લોહાણા ફાઉન્ડેશન ના આ મહાત્વાકાંક્ષી કાર્યના આપણી જ્ઞાતિના સંપૂર્ણ લાભ – ઉપયોગ માટે વિશ્વભરની સમસ્ત જ્ઞાતિ સંસ્થાઓ, વ્યક્તિઓને આગળ આવવા તેમજ સહકારનો હાથ લંબાવવા હૃદયપૂર્વકનું નિમંત્રણ પાઠવતા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. જ્ઞાતિ સેવાની ''ધૂણી'' જે આપણા સક્ષમ અને લાડીલા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે ધખાવેલ છે. એ અમૂલ્ય સેવાયજ્ઞમાં અમોને સહભાગી થવા બદલ ગ્લોબલ લોહાણા ફાઉન્ડેશન હૃદયપૂર્વક ઋણી રહેશે. આપ સૌએ અમારા ઉપર મુકેલા વિશ્વાસ તેમજ જવાબદારી ખરા દિલથી પૂરી કરવાની અમો ખાતરી આપીએ છીએ.

**ગ્લોબલ લોહાણા ફાઉન્ડેશન વતી સંકલન : હસમુખભાઈ દાવડા - હૈદરાબાદ**

# શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકની મુંબઈ સહ મહારાષ્ટ્રના વિભાગની શુભેચ્છા મુલાકાત.

તા. ૩૦ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ અમદાવાદથી પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર નાશિક જવા રવાના થયા હતા. કુંભનગરી નાશિક ખાતે તા. ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૧૧.૦૦ કલાકે મુંબઈના સમાજશ્રેષ્ઠી શ્રી જનકભાઈ ઠક્કર સાથે નાશિક પહોંચ્યા હતા ત્યાં નાશિક મહાજનના પ્રમુખશ્રી જીતુભાઈ ઠક્કર તથા અન્ય સંસ્થાઓના અગ્રણીઓ, હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગોદાવરી મૈયાના કિનારે આવેલા ખીમજી ભગવાન ટ્રસ્ટ આરોગ્ય ધામ ખાતે નાશિક તથા આસપાસમાં વસતા લોહાણા જ્ઞાતિના પરિવારો માટે વિશેષમાં ચર્ચા વિચારણાઓ કરી હતી અને જ્ઞાતિ ઉત્કર્ષ માટેની વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ માટે પણ વિચારોનું આદાન પ્રદાન થયું હતું. અત્રે નાશિક મહાજને પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકનું પુષ્પ ગુચ્છ, શાલ તથા મોમેન્ટોથી સન્માન કર્યું હતું. મહિલા મંડળ, યુવક મંડળના સભ્યોએ પણ ખૂબ ઉત્સાહભેર હાજરી આપી આ પરિષદ સાથે ખભેખભા મિલાવી કામ કરવાની તત્પરતા બતાવી હતી.

અત્રે મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, રાજકોટના સમાજશ્રેષ્ઠી શ્રી નીતીનભાઈ રાયચુરા તથા ખીમજી ભગવાન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તા. ૫ જુલાઈથી આજ દિન સુધી થયેલી વિવિધ પ્રવૃત્તિઓ અને આગામી આયોજન અંગે વિગતવાર માહિતી આપી સૌને તન, મન અને ધનથી આ સેવાયજ્ઞમાં જોડાવવા અપીલ કરી હતી. ત્યારબાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે નાશિકના સમાજશ્રેષ્ઠીઓના ઉત્સાહને બિરદાવી તેમનું અભિવાદન કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી અને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદને ઉર્જાવાન બનાવવા માટે તમામ જ્ઞાતિબંધુઓએ બતાવેલી તત્પરતા બદલ ધન્યતા અનુભવી હતી.

અત્રે શ્રી જીતુભાઈ ઠક્કર તથા શ્રી દિગ્વિજયભાઈ કાપડીયાએ પોતાની ભાવસભર લાગણીઓ વ્યક્ત કરી શ્રી લોહાણા મહાપરિષદની તમામ ગતિવિધિઓમાં અને સેવાકાર્યોમાં સર્વે પ્રકારના યોગદાનની ખાતરી આપી હતી.





નાશિક શહેરના લોહાણા સમાજના અગ્રણીઓ

ત્યારબાદ પૂજ્ય રમેશભાઈશ્રીનો જન્મોત્સવ સમારોહમાં તેમને શુભેચ્છાઓ પાઠવવા ત્ર્યંબકેશ્વર જવા રવાના થયા હતા. ત્યાં પૂજ્ય શ્રી દલાઈ લામા તેમજ સમગ્ર દેશના વિવિધ તીર્થસ્થાનોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં જગદગુરુ શંકરાચાર્ય, મહામંડલેશ્વર તેમજ આચાર્યો પધાર્યા હતા.



ત્ર્યંબકેશ્વર ખાતે પૂજ્ય રમેશભાઈ ઓઝાના જન્મદિવસ નિમિત્તે આશીર્વાદ મેળવતા પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક

પૂજ્ય રમેશભાઈશ્રીના આશીર્વાદ મેળવી ત્ર્યંબકેશ્વર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રાત્રિ રોકાણ નાશિક પાસે કરી સવારે ખીમજી ભગવાન આરોગ્યધામની વિવિધ પ્રવૃત્તિઓ અને સંપૂર્ણ સંકુલની વિગતો ટ્રસ્ટી શ્રી જનકભાઈએ આપી હતી અને આ માધ્યમથી રઘુવંશીઓની સેવા કરવામાં લોહાણા મહાપરિષદ માધ્યમ બને તેવી અપેક્ષા અને લાગણીઓ વ્યક્ત કરી હતી. ત્યારબાદ ગોદાવરી મૈયામાં સમગ્ર વિશ્વમાં રઘુવંશીઓને યાદ કરી લોહાણા સમાજના સારસ્વત ગોર દ્વારા કુંભ સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ કુંભ ઉત્સવ દરમિયાન આયોજીત થયેલા પૂજ્ય રણછોડદાસજી મહારાજ પ્રેરિત રણછોડનગર પાંડાલની મુલાકાત લીધી હતી જ્યાં શ્રી પ્રવિણભાઈ કોટકનું શ્રી નીતીનભાઈ રાયચુરાએ સ્વાગત કર્યું હતું અને પૂજ્ય હરિચરણદાસજી મહારાજના આશીર્વાદ મેળવી મુંબઈ જવા રવાના થયા હતા.

સાંજે ૭.૦૦ કલાકે મુંબઈ નગરના શ્રેષ્ઠીઓ દ્વારા શ્રી પ્રવિણભાઈ કોટકની મુલાકાત દરમિયાન મુંબઈ વસતા વિવિધ સંસ્થાના અગ્રણીઓને આમંત્રિત કર્યા હતા અને સુંદર ડીનરનું આયોજન કર્યું હતું.

અત્રે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ગંઠા તથા અન્ય અગ્રણીઓએ પ્રમુખશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈને આ સુંદર આયોજન કરવા બદલ આયોજકોને ધન્યવાદ પાઠવ્યા હતા. પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે આગામી  સુરત મુકામે યોજાનાર કારોબારી મીટીંગ અંગે સૌને માહિતગાર કર્યા હતા.



પૂ. સ્વામી અવધેશાનંદજી મહારાજ સાથે...



નાશિક, રણછોડનગર ખાતે પૂ. હરિચરણદાસજી બાપુની નિશ્રામાં...



મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગમાંથી માતૃસંસ્થાને સમર્પિત રહી તન, મન અને ધનથી માની સેવા કરી શકે  તેવા સમર્પિત કાર્યકરો, હોદ્દેદાર, કારોબારી સભ્યો કે આમંત્રિત સભ્ય તરીકે જોડાય અને તેમાં મુંબઈના વડીલો ભાગ લઈ શકે અને પ્રોત્સાહક બને તેવી અભિલાષા પ્રમુખશ્રીએ વ્યક્ત કરી હતી. અત્રે શ્રી ધર્મેશભાઈ હરીયાણીએ શિક્ષણ ક્ષેત્રે વિશેષ કાર્યો ટીમવર્કથી થઈ શકે તે અંગે પોતાના વિચારો વ્યક્ત કરી સૌને આ અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.  અત્રે શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી તેમજ શ્રી સતીષભાઈ દત્તાણીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે હરહંમેશ સર્વ પ્રકારે હાજર રહી આગળ વધવાની ખાતરી આપી હતી. શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ મુંબઈ નગર પ્રત્યે શ્રી પ્રવિણભાઈની આસ્થા અને નિષ્ઠાને બિરદાવી હતી અને  ખેતવાડી ખાતે આવેલી મહાપરિષદની ઓફિસ પણ કાર્યરત બને તે માટે ઘટતું કરી ઓફિસને કાર્યરત બનાવવા માટે અપીલ કરી હતી જેને સૌએ સહર્ષ સ્વીકારી હતી.



હાલાઈ લોહાણા મહાજનવાડી, ઠાકુરદ્વાર ખાતે, મુંબઈ શહેરના સમાજ અગ્રણીઓની શુભેચ્છા મુલાકાત...





મુંબઈના અગ્રગણ્ય શ્રી સમીરભાઈ સોમૈયાની મુલાકાત વેળાએ



ખેતવાડી મુંબઈ ખાતે આવેલા શ્રી લોહાણા મહાપરિષદ ભવનની મુલાકાતે

તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ શ્રી પ્રવિણભાઈ તથા શ્રી હિમાંશુભાઈએ શ્રી લોહાણા મહાપરિષદના દાતા શ્રી નવીનભાઈ મજીઠીયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને માતૃસંસ્થા સાથેના તેમના છેલ્લા ૬૦ વર્ષના સંબંધોને વાગોળ્યા હતા.

ત્યારબાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સમાજ શ્રેષ્ઠી શ્રી સમીરભાઈ સોમૈયાની મુલાકાત લીધી હતી. અત્રે શ્રી હિમાંશુભાઈ, શ્રી ધર્મેશભાઈ, શ્રી જનકભાઈ, સુશ્રી લીલાબેન ઠક્કર પણ સાથે જોડાયા હતા.

ત્યારબાદ સાંજે ૪.૩૦ કલાકે ખેતવાડી ખાતે આવેલી મહાપરિષદની ઓફિસની મુલાકાત લીધી હતી. શ્રી લોહાણા મહાપરિષદ ભવન ખાતે શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટીશ્રી મોહનભાઈ ઠક્કર, પૂર્વ મંત્રી શ્રી નેણશીભાઈ મીરાણી, શ્રી ભરતભાઈ મીરાણી પણ સાથે જોડાયા હતા અને મુંબઈ ખાતે પણ શ્રી લોહાણા મહાપરિષદની ટીમ સમગ્ર રઘુવંશી સમાજના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે તે માટે ચર્ચા-વિચારણા કરી હતી.

અત્રે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ચાલતી એજ્યુકેશન સ્કોલરશિપની યોજનામાં પણ સંપૂર્ણ રીતે મદદરૂપ થવાની શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ ખાતરી આપી હતી તથા ઉચ્ચ શિક્ષણ માટે રૂા. ૨૫ લાખનું અનુદાન જાહેર કર્યું હતું. આ ઉપરાંત મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના પૂર્વ વિભાગીય ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ નલાણીએ ઉચ્ચ શિક્ષણ માટે કચ્છી સમાજ વતી રૂા. ૨૫ લાખનું અનુદાન જાહેર કર્યું હતું આ ઉપરાંત ખીમજી ભગવાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પણ સ્કોલરશિપ યોજનામાં તેમજ અન્ય સંકલ્પોમાં પોતાનું અનુદાન આપવાની જાહેરાત કરતાં સૌના ઉત્સાહમાં અનેરો વધારો કર્યો હતો. લગભગ રાત્રે ૧૦.૩૦ કલાકે સૌ સુંદર ભોજન લઈને છૂટા પડ્યા હતા.

## સ્વીકાર અને સમાધાન

એકવીસમી સદી સ્પર્ધા, સ્વાર્થ, સંપર્ક, સંબંધ, સ્વભાવ, સમસ્યા, સમીકરણ, સમાધાન વગેરે અનેક વિરોધાભાસી પરિબળ વચ્ચે બની ઠનીને વિસ્તરી રહી છે.

ત્રણ-ચાર દાયકા પહેલાં એવી સાધનોની જરૂરીયાત નહોતી પણ હાલના યુગમાં ટી.વી., ફ્રીજ, ઓવન, એસી વગર જીવવું મુશ્કેલ થઈ ગયું છે. સમય આજે સ્માર્ટ ફોનની બાહોમાં આવી પહોંચ્યો છે. સાધનોનો પાક અનાજ કરતા વધારે ઉગે છે. પાંચસો હજાર નંબરથી ફોન બુક ઉભરાવી એ સામાન્ય વાત થઈ ગઈ છે. સાધનોની છત છે પણ સ્વભાવમાં સાંધા લઈને જીવવાનું કામબહુ અઘરું છે. સ્વભાવની સાથે સંજોગો પણ પરીક્ષા લેવા ઉભા હોય. ખૂલજા સીમસીમની જેમ તરત સમસ્યાનું નિરાકરણ મળતું નથી – અન્યની વાત જવા દો. ખુદનો સ્વભાવ ક્યારેક એવો વિચિત્ર લાગે કે અરીસો પણ મોઢું ફેરવવાનું મુનાસિબ સમજે. વાર-તહેવારે આપણી હરકતનો ખ્યાલ પણ આવે, પરંતુ સુધરી ન શકીએ. ઘરમાં માત્ર બે જણ હોય તો એક ઉત્તરે જાય અને બીજો દક્ષિણે. અહમના ઓવારણા લેતી દિવાલો પર ઉઝરડાં પડતાં વાર લાગતી નથી. કમ્પ્યુટર આપણી સામે સ્ક્રીન પર આખું વિશ્વ હાજર રહી શકે, પણ મનભેદનો મનમેળ કરવામાં એ બિચારૂ પણ શટડાઉન થઈ જાય.

જિંદગીભર અન્ય સાથે સમાધાન કરીને જીવવાનું કપરું કામ જાતને નિચોવી નાખે છે. સર્જનાત્મક કાર્ય માટે વપરાવી જોઈએ એ શક્તિ સમજણાત્મક પ્રક્રિયામાં ખર્ચાઈ જાય. આપણી મર્યાદાનું ભાન હોવું એ પણ જ્ઞાન છે. આપણી શક્તિ વિશે જાગૃત હોવું એ પણ કૃપા છે.

જે છે એનો ગુણ માની એનો મહત્તમ ઉપયોગ કરવાની આપણી ફરજ છે. આ શ્વાસ મળ્યાં છે તો દેણગી ચૂકવવી પડે. બધુ માફકસર હોય એનું નામજિંદગી નથી. જે નથી એને મેગ્નિફાય કરીને જોતા ન રહેવાય. અફસોસને બદલે આયોજન અને પીડાને બદલે પુરુષાર્થ આવકાર્ય છે. પુરુષાર્થ ઘણી આપત્તિઓનો ઉત્તર છે. આશા આવનાર વર્ષો માટે પ્રગટેલી જ્યોત છે. સ્વીકાર ઘણાં રોગોની દવા છે.

**જીવન સુંદર રીતે જીવવા માટે ''સમાધાન'' અને ''સ્વીકાર'' ઉત્તમ ટોનિક છે.**

**સંકલન : નંદલાલ ગઢીયા (દિલ્હી)**

# કાર્યાલય સમાચાર

## અનામત આંદોલન :





તાજેતરમાં પાટીદાર સમાજ, બ્રાહ્મણ સમાજ, સોની સમાજ, ક્ષત્રિય સમાજ, લોહાણા સમાજ તથા અન્ય સભ્ય સમાજના આગેવાનો અને નાગરિકો દ્વારા દેશભરમાં સર્વેને સમાન તકો ઉપલબ્ધ થાય અને કોઈપણ સમાજના દીકરા–દીકરીઓ પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે હકોથી વંચિત ન રહી જાય તે માટે એક જબરજસ્ત વિચારક્રાંતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અનુસંધાનમાં તા. ૨૫–૮–૨૦૧૫ને મંગળવારના રોજ અમદાવાદ ખાતે પાટીદાર સમાજની મહારેલીનું આયોજન થયું જેના સારા–નરસા પરિણામોના આપણે સૌ સાક્ષી છીએ. લોકશાહી પ્રણાલિકામાં બંધારણની મર્યાદામાં રહી રઘુવંશની ગરિમાને ક્યાંય આછપ ના આવે તે રીતે સમગ્ર રઘુવંશી સમાજ દ્વારા પણ અનેક ગામોમાં આક્રોશ વ્યક્ત કરતાં પ્રદર્શનો કે દેખાવ દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરવામાં આવી જે સંપૂર્ણ રીતે વ્યાજબી અને આવશ્યક હતી.

જ્ઞાતિહિત માટે સતત ચિંતિત માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ અને અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા પણ તા.૨૨–૮–૨૦૧૫ના રોજ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી સુશ્રી આનંદીબેન સાથે ટેલિફોનિક વાતચીત કરી તેમની સુચના અનુસાર અનામત અંગેની રજૂઆત સાંભળવા માટે બનાવેલ મંત્રી મંડળના કન્વીનર શ્રી નીતીનભાઈ પટેલને રૂબરૂ મળી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. અને આ બાબતે લગભગ ત્રીસેક મિનિટ તેમની સાથે સંવાદ કર્યો હતો. આ મીટીંગની સાથે અખિલ ગુજરાત લોહાણા સમાજના કાર્યાલય મંત્રી શ્રી હર્ષદભાઈ કારીયા, ડૉ. નંદલાલ માનસતા તથા ગોંદિયાથી આવેલ શ્રી અજયભાઈ વંડેરા પણ જોડાયા હતા.

આ અંગે, શ્રી પ્રવિણભાઈ કોટકે મંત્રીશ્રીઓને રજૂઆત કરતા જણાવ્યું હતું કે ''લોહાણા સમાજ કોઈ પણ પ્રકારના લાભોથી વંચિત ન રહી જાય તે માટે અમે કટિબદ્ધ છીએ. સમગ્ર સમાજના દીકરા–દીકરીઓના ઉચ્ચ શિક્ષણ અને રોજગારની સમાન તકો ઉપલબ્ધ કરાવવા અમો આપને વિનંતી કરીએ છીએ.'' આ અંગે પ્રત્યુત્તર આપતાં શ્રી નીતીનભાઈએ જણાવ્યું હતું કે, તમામ સભ્ય સમાજની સાથે લોહાણા સમાજ અંગે પણ સમાન નિર્ણય લેવાશે અને સમાન તકોની ઉપલબ્ધિ માટે યોગ્ય પ્રયત્નો સરકાર તરફથી કરવામાં આવશે અને સરકારશ્રી તરફથી ટૂંક સમયમાં આ અંગે યોગ્ય જાહેરાત કરવામાં આવશે.

## ઉત્તર ગુજરાત વરસાદી હોનારત



તાજેતરમાં જ ઉત્તર ગુજરાતના રાધનપુર, ભાભર તેમજ આસપાસના વિસ્તારોમાં અતિ ભારે વરસાદ થતાં લગભગ ૪ થી ૫ ફૂટ જેટલા પાણી તમામ ઘરોમાં, દુકાનોમાં ભરાઈ જતાં ખૂબ મોટી સંખ્યામાં માલહાનિ થઈ છે. તેમજ હજ્જારો અબોલ પશુઓએ પોતાના જાન ગુમાવ્યા છે. આ સમયે શ્રી લોહાણા મહાપરરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, તથા ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે સમગ્ર ટીમ સાથે ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ વિગતો મેળવી હતી.

ભાભર મુકામે શ્રી પોપટભાઈ અખાણી, શ્રી વૈકુંઠભાઈ આચાર્ય, શ્રી હરિલાલ આચાર્ય, શ્રી ભીખાલાલ આચાર્ય તથા અન્ય જ્ઞાતિશ્રેષ્ઠીઓ સાથે ચર્ચા કરી હતી. બપોરે કટાઉ ધામે દર્શન કર્યા બાદ રાધનપુર મુકામે સ્ટેશન રોડ પર આવેલી લોહાણા મહાજન વાડીમાં રઘુવંશી વેપારી ભાઈઓ સાથે પણ સંવાદ કર્યો હતો અને માતૃસંસ્થા દ્વારા શક્ય તમામ મદદની ખાતરી આપી હતી. તે સિવાય કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશના ખૂણે ખૂણેથી આ આફતને અવસરમાં ફેરવવા રઘુવંશી સમાજે આપેલા માર્ગદર્શન અને હિંમત બદલ હું રાધનપુર રઘુવંશી સમાજ તરફથી આભાર વ્યક્ત કરું છું.

– ગંગારામભાઈ કોટક, રાધનપુર

## અંબાજી હોસ્પિટલ પ્રોજેક્ટ






ઉત્તર ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે સરકારે ૨૦૦ બેડની અદ્યતન હોસ્પિટલ બનાવેલ છે જેનું સંચાલન કરવા માટે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ દ્વારા પ્રસ્તાવ મળેલ જેના અનુસંધાને ઓગસ્ટના બીજા અઠવાડિયામાં શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ડૉ. નંદલાલ માનસત્તાએ અંબાજી ધામે આ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

જેમાં સાથે ભાભરથી શ્રી પોપટભાઈ અખાણી, શ્રી વૈકુંઠભાઈ આચાર્ય તથા અન્ય જ્ઞાતિશ્રેષ્ઠીઓ જોડાયા હતા. હોસ્પિટલની જગ્યા, બાંધકામ, સ્ટાફ, સરકાર તરફથી મળતી સહાય, ટ્રસ્ટ ખાતે ટ્રસ્ટના ભાગે આવતી જવાબદારીઓ વિગેરે અંગે વિગતે ચર્ચા કરી હતી જેની રજૂઆત આગામી કારોબારી મીટીંગમાં કરી સભાની બહાલી મળે જો સૌને યોગ્ય લાગશે તો શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આ જવાબદારી સ્વીકારી સમગ્ર વિસ્તારના દર્દીઓની વિનામૂલ્યે સેવા કરવાનું તેમજ આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ પ્રવૃત્તિઓ  કરી સમાજને સશક્ત બનાવવાનું અભિયાન આ પ્રોજેક્ટ અંતર્ગત ચલાવવામાં આવશે.

## થેલેસેમિયા નાબૂદી અભિયાન

સમગ્ર લોહાણા જ્ઞાતિમાંથી  થેલેસેમિયા મેજર નામની મહા ભયાનક બિમારી સંપૂર્ણપણે નાબૂદ થાય તે માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા છેલ્લા વર્ષોમાં મક્કમ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત ગત વર્ષે તીરૂપતિ મુકામે યોજાયેલ કારોબારી સભામાં થેલેસેમિયા રક્ત પરિક્ષણ માટે  વ્યક્તિ દીઠ રૂા. ૨૦૦/નું અનુદાન શ્રી લોહાણા મહાપરિષદ તરફથી તમામ સંકલિત – આયોજક સંસ્થાઓને આપવા માટે જાહેરાત કરાયેલ છે જેનો લાભ લઈ દેશભરમાં થેલેસેમિયા જાગૃતિ અંગે વિવિધ પ્રકારના પ્રવૃતિઓ તથા કેમ્પોનું આયોજન થાય તે જ્ઞાતિ હિતમાં અપેક્ષિત તથા આવશ્યક છે. આ અભિયાનને વેગ આપવા તા. ૨૪–૫–૨૦૧૫ના રોજ અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના (કચ્છ ઝોન) દ્વારા ૭૩૬ થેલેસેમિયા પરીક્ષણ કરવામાં આવેલ જેમાંથી ૬૧ સભ્યોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા .

cure 2 children
STOPThalassemia
It's not a dream, it's our commitment.



આ તમામ સભ્યોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી તા. ૨–૮–૨૦૧૫ના રોજ ભૂજ મુકામે કાઉન્સેલિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. સાથો સાથ ભૂજ લોહાણા કન્યા / કુમાર છાત્રાલયના  ૬૭ યુવક – યુવતીઓના થેલેસેમિયા પરીક્ષણ પણ કરવામાં આવ્યા હતા આ સમગ્ર પ્રોગ્રામના આયોજનમાં અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેનાના પ્રમુખ શ્રી મયંક રૂપારેલ, ઉપપ્રમુખ શ્રી અમિત ચંદે તથા મંત્રી શ્રી મેહુલ કોટકે  સક્રિય કામગીરી કરી હતી.

આ જ રીતે તા. ૧૨–૭–૨૦૧૫ને રવિવારના રોજ શ્રી લોહાણા સોશ્યલ ગ્રૃપ ઇન્દોર દ્વારા થેલેસેમિયા પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૮ યુવક, યુવતીઓના પરીક્ષણ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રોગ્રામના આયોજનમાં નયનાબેન રાજેન્દ્રભાઈ ગણાત્રા, આશાબેન મુકુંદભાઈ કારીયા, મનીષાબેન મધુસુદનભાઈ અનમતથા મીનાબેન ચંદ્રકાન્તભાઈ કારીયાએ સક્રિય કામગીરી કરી હતી.

- સંકલન : અલ્પેશ જોબનપુત્રા

## રઘુકુળ વિશ્વ

શ્રી રઘુકુળ વિશ્વના જુલાઈ માસનો અંક અલગથી પ્રસિદ્ધ ન કરાતાં ગત્ માસ એટલે કે ઓગસ્ટ માસના ૨૪ પેજના અંકને જુલાઈ–ઓગસ્ટ માસનો સંયુક્ત અંક ગણવો. શ્રી રઘુકુળ વિશ્વ એ સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું અધિકૃત મુખપત્ર છે જે રઘુવંશના દર્પણ સમાન છે. ભારતભરમાં તેમજ વિદેશમાં વસતા રઘુવંશીઓ શ્રી રઘુકુળ વિશ્વના માધ્યમથી માતૃસંસ્થા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલ રહે તે અપેક્ષિત અને આવશ્યક છે. ફક્ત રૂા. ૨૦૦૦/– ભરી કોઈપણ રઘુવંશી શ્રી રઘુકુળ વિશ્વના આજીવન સભ્ય બની શકે છે. તમામ વિભાગોમાં મધ્યસ્થ મહાસમિતિના સભ્યશ્રીઓ, મહાજનો, સંસ્થાઓ તથા ટ્રસ્ટોના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો આ દિશામાં નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરી સુરત ખાતે યોજાનાર કારોબારી મિટિંગમાં વધુ ને વધુ આજીવન સભ્યોના નામની જાહેરાત થાય તેવી આશા રાખીએ છીએ. શ્રી રઘુકુળ વિશ્વના તમામ આજીવન સભ્યોની યાદી પણ વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવશે. શ્રી રઘુકુળ વિશ્વના આજીવન સભ્ય બનવા માટેના ફોર્મ કાર્યાલય પર ઉપલબ્ધ છે. સેવાભાવી તથા સક્રિય રઘુવંશી દ્વારા જો જાણ થશે તો આપના વિસ્તારમાં નવા સભ્યો બનાવવા માટે આ ફોર્મ તથા જરૂરી નકલો મોકલી આપવામાં આવશે.

- કાર્યાલય

## વેબસાઈટ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટને નવપલ્લવિત કરી રસદાર બનાવવાનું કામ આરંભાયેલ છે. ટૂંક સમયમાં વેબસાઈટ સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે. આ વેબસાઈટ પર અતીત, આજ અને આવતીકાલને સાંકળતી તમામ માહિતીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વેબસાઇટ ઉપર કારોબારી સભ્યોનું અલાયદું લોગ ઈન, નિયમિત સમાચારો, રઘુકુળ વિશ્વ, અગાઉના કાર્યક્રમના ફોટોગ્રાફ તથા અન્ય માહિતીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આગામી દિવસોમાં નિયુક્ત થનાર કારોબારી સભ્યો માટેની અગત્યના માહિતીઓ, મિટિંગના એજન્ડા તેમજ અન્ય જરૂરી આદાન–પ્રદાન વેબસાઈટ પર તેમને ફાળવાયેલા અલાયદા લોગઇનથી જોઈ શકાશે. ભવિષ્યમાં આ મૂળ વેબસાઈટ સાથે વ્યવહારિક સંબંધો માટેનું પોર્ટલ, રોજગારી અને કારકિર્દીની તકોથી યુવા મિત્રોને માહિતગાર કરાવવા માટેનું પોર્ટલ તૈયાર કરાવી લીંક કરાવવામાં આવશે.

વિદેશમાં વસતા રઘુવંશી ભાઈ–બહેનો માટે પણ વેબસાઈટ પર વિશેષ વિભાગથી સંગઠિત થઈ યથોચિત આયોજન કરવામાં વેબસાઈટ અગત્યનું માધ્યમ બને તેવું આયોજન કરવામાં આવશે. આ વેબસાઈટ તૈયાર કરવામાં મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર સાથે શ્રી જય યોગેશભાઈ લાખાણી, શ્રી યમેશ ઠકરાર તથા શ્રી નિમેષ ઠક્કર સક્રિય રીતે કાર્ય કરી રહ્યા છે.

## એજ્યુકેશન સ્કોલરશિપ



સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી અને ધીરજભાઈ જીવરાજાણી પ્રેરિત એજ્યુકેશન સ્કોલરશિપ યોજના અંતર્ગત માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય પર અંદાજે ૪૨૫૦ જેટલાં ફોર્મ પ્રાપ્ત થયા હતા. જેના જરૂરી કાગળો અંગેની ચકાસણી ગત માસમાં પૂર્ણ કરી જે તે સંસ્થા /મહાજનને મંજૂર કરાયેલી રકમના ૩૦% રકમ શ્રી લોહાણા મહાપરિષદમાં જમા કરાવવા પત્ર દ્વારા વિનંતી કરાયેલ અને જે મહાજનો / સંસ્થાઓની નિયત રકમનો ચેક / ડ્રાફ્ટ પ્રાપ્ત થયો તે તમામ વિદ્યાર્થીઓના ચેક શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પરથી મોકલી આપવામાં આવેલ છે.

આ સમગ્ર કાર્યમાં પોતાનો અમૂલ્ય સમય ફાળવી સેવા આપવા બદલ શ્રી જીતેન્દ્રભાઈ કારિયા, શ્રી શશીકાંતભાઈ કાનાણી, શ્રી કિર્તીભાઈ વિઠલાણી, શ્રી પ્રવિણભાઈ ગંધા, શ્રી મુકેશભાઈ સોમાણી, શ્રી મહેશભાઈ ચંદારાણા, શ્રી પ્રવિણભાઈ ભગદેવ, શ્રી મુકેશભાઈ ગોવાણી તથા અન્ય સાથી મિત્રોનો હૃદયપૂર્વકનો આભાર.

## અખિલ ગુજરાત લોહાણા સમાજઃ

### 'યુવા વર્ષ ઉજવણી : રઘુવંશી રમતોત્સવ - ૨૦૧૫''

અખિલ ગુજરાત લોહાણા સમાજના સંગઠનને મજબૂત કરવાના ધ્યેય સાથે સમયાંતરે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે, જેના માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે.

રમત ગમત સમિતિના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ગઢીયા તથા મંત્રી શ્રી અતુલભાઈ પાવાગઢીના માર્ગદર્શન હેઠળ દિવાળી વેકેશન – ૨૦૧૫ દરમ્યાન રાજ્યકક્ષાના રમતોત્સવનું આયોજન કરવામાં આવનાર છે. (સંભવિત તા. ૨૨–૧૧–૨૦૧૫ તથા તા. ૨૯–૧૧–૨૦૧૫ના) જેમાં યુવા સમિતિ, શિક્ષણ સમિતિ, તથા છાત્રાલય સમિતિના સંયુક્ત ઉપક્રમે આ રમતોત્સવ – ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે.આ દરમ્યાન વ્યક્તિગત ઇન્ડોર સ્પર્ધાઓમાં ચેસ, કેરમ, ટેબલ ટેનિસ તથ બેડમીન્ટનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ક્રિકેટ, બાસ્કેટબોલ, વોલીબોલ, કબડ્ડી જેવી આઉટડોર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આઉટડોર સ્પર્ધામાં સ્થાનિક કક્ષાએ ટીમ બનાવવી જરૂરી છે. કોઈપણ રમતમાં ભાગ લેવા ઇચ્છા ધરાવતા જ્ઞાતિબંધુઓએ એક રમત દીઠ રજિસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦/– (એકસો પૂરા) જમા કરાવવાના રહેશે.

સૌ પ્રથમ આ સ્પર્ધાઓ સ્થાનિક કક્ષાએ, ત્યારબાદ ઝોન કક્ષાએ અને અંતમાં વિદ્યાનગર / અમદાવાદ ખાતે ફાઈનલ રાજ્ય કક્ષાની સ્પર્ધા રાખવામાં આવશે. સ્થાનિક કક્ષાએ વિજેતા જ્ઞાતિબંધુ / જ્ઞાતિ ટીમને ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે અને ઝોન કક્ષાએ વિજેતા થયેલા જ્ઞાતિબંધુઓ / ટીમને રાજ્ય કક્ષાની ''ગ્રાન્ડ ફીનાલે'' માં ભાગ લેવાનો રહેશે. રાજ્ય કક્ષાએ વિજેતા સ્પર્ધકો તથા ટીમને સમગ્ર ગુજરાતના જ્ઞાતિશ્રેષ્ઠીઓ તથા જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. આ તમામ સ્પર્ધાઓમાં ઉંમરના બાધ વગર આપણા સમાજના ભાઈઓ તથા બહેનો ભાગ લઈ શકે છે. ભાઈઓ તથા બહેનોને અલગ અલગ સ્પર્ધાઓ રમાડવામાં આવશે. સંસ્થા દ્વારા સ્થાનિક કક્ષાએ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે તે પહેલાં કાર્યાલયનો સંપર્ક કરવાથી, બેનરથી ડિઝાઈન ઇ–મેલથી મોકલી આપવામાં આવશે. જે બેનર ડિઝાઈન મુજબ દરેક સંસ્થાઓને સ્પર્ધા દરમ્યાન સ્પર્ધાના સ્થળે લગાવવાનું રહેશે.

દરેક રમતમાં પ્રથમ વિજેતાઓને ટ્રોફી / એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવશે. કોઈપણ જ્ઞાતિશ્રેષ્ઠી પોતાના પરિવારજનોની સ્મૃતિમાં ટ્રોફી માટે સ્પોન્સરશીપ આપી શકે, જેના માટે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

આ રમતોત્સવને પારદર્શક બનાવવા માટે દરેક ઝોનમાં કન્વીનરશ્રીની નિમણૂંક કરવામાં આવશે, જેના માટે આ સમગ્ર આયોજન દરમિયાન સક્રિય રસ લઈ શકે તેવા યુવાનો, તેમજ રમતના જાણકાર હોય તેવા સ્પોર્ટ્સ મેન, કોચની પણ અમૂલ્ય સેવાનો લાભ લેવાનો હોવાથી કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.

**સંકલન : હર્ષદભાઈ કારિયા (કાર્યાલય મંત્રી)**

### એક દીકરી : વિશેષ પરિવાર - વિશેષ સન્માન

અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા સમયાંતરે વિવિધ રચનાત્મક અને નવા અભિગમસાથેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અખિલ ગુજરાત લોહાણા સમાજ – વાત્સલ્ય સમિતિ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં 'બેટી બચાવો' અભિયાન ચાલે છે. આપણા રઘુવંશી પરિવારમાં સમગ્ર ગુજરાતમાં જે માતા–પિતાને ફક્ત એક જ દીકરી છે (બીજું સંતાન ન હોય) તેવાં માતા–પિતાને પ્રોત્સાહિત કરવા તથા અન્ય પરિવારો માટે પ્રેરણારૂપ બની રહે તે માટે નજીકના ભવિષ્યમાં વિશેષ સન્માનનું આયોજન કરવામાં આવનાર છે.

**સંકલન : શ્રી જીતુભાઈ આઈ. પૂજારા**

## અમદાવાદ - ત્રણ જ્યોતિલિંગનો પ્રવાસઃ

તા.૨૩, ૨૪, ૨૫ જુલાઈના રોજ શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન, અમદાવાદ દ્વારા ત્રણ જ્યોતિલિંગના દર્શન માટે યાત્રા પ્રવાસનું આયોજન થયું. અમદાવાદથી ૫૪ સભ્યો, સાંજે ૬.૦૦ કલાકે ઓરંગાબાદ જવા રવાના થયા. અત્રે યાત્રિકોને મહાજનના વડીલ અને પૂર્વ પ્રમુખશ્રી રઘુરામબાપા, શ્રી સંજયભાઈ ઠક્કર તેમજ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે અમદાવાદ મહાજનના પ્રમુખશ્રી જગદીશભાઈ મજીઠીયાને સફળ અને આનંદદાયક યાત્રા માટે શુભેચ્છા પાઠવી હતી.

અત્રે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈની શુભેચ્છા મુલાકાતે ઔરંગાબાદ, બીડ તેમજ જાલના મહાજનના આગેવાનો પધાર્યા હતા. સૌએ પોતપોતાની શુભ ભાવનાઓ વ્યક્ત કરી, શ્રી હિમાંશુભાઈ દ્વારા નવનિયુક્ત પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકની આગેવાનીમાં, માતૃસંસ્થા થકી સમગ્ર રઘુવંશી સમાજની સેવા થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. આજરોજ તા. ૨૪ જુલાઈના રોજ યોગાનુયોગ મહાજન પ્રમુખ શ્રી જગદીશભાઈ મજીઠિયાનો જન્મદિવસ હોવાથી સાંજે તમામ સભ્યો માટે કેક તથા આઈસ્ક્રીમનું આયોજન કરેલ. સૌ જ્ઞાતિબંધુઓએ શ્રી જગદીશભાઈના જન્મદિવસની ઉજવણી કરી, તેમને યશસ્વી જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. અત્રે શ્રી હિમાંશુભાઈએ દૂર દૂરથી પધારેલા તમામ જ્ઞાતિ આગેવાનોને તેમજ ઔરંગાબાદ ખાતે તમામ વ્યવસ્થા માટે મદદરૂપ બનેલા એવા શ્રી અતુલભાઈ ઠક્કરનો સવિશેષ આભાર માન્યો હતો.

**સંકલન : જગદીશભાઈ મજીઠીયા - અમદાવાદ**

# સંસ્થા સમાચાર

## રાજકોટ:

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા શ્રેષ્ઠ નારીરત્નોના જીવન અને કવન પર આધારિત ''નૃત્ય નાટિકા'' ને એકાંકી, દ્વિઅંકી તથા ત્રિઅંકીમાં ગણી લઈ દર વર્ષે રાજકોટના હેમુ ગઢવી હોલ અને મણિયાર હોલમાં મારા લેખન અને દિગ્દર્શન દ્વારા પ્રસ્તુત કરું છું. ગત તા. ૧૪–૬–૧૫ને રવિવારે સાંજે ૫ થી ૮માં નાટક : પ્રેમની પરાકાષ્ટા ''એક મીરા એક રાધા''નો શો શ્રી અરવિંદભાઈ મણીયાર હોલ, રાજકોટ ખાતે ભજવાઈ ગયો.

સંકલન : ઇન્દિરા શીંગાળા

### એનિમલ હેલ્પલાઈન

એનિમલ હેલ્પલાઈનની  સેવા રાજકોટમાં છેલ્લા ૧૧ વર્ષથી કાર્યરત છે. રસ્તે રઝળતા નિરાધાર તથા બિમાર પશુઓની વિનામૂલ્યે ઓપરેશન જેવી સારવાર કરૂણા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. આ પ્રકારની સેવાઓ જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર સહિતના ૧૦ સેન્ટરોમાં  હેલ્પલાઈન ચાલુ કરવામાં પણ રાજકોટની ટીમનિમિત બની છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈનના મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો.૯૯૯૮૦૩૦૩૯૩) પર સંપર્ક કરી આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી આપના વિસ્તારમાં પણ આ પ્રકારની સેવાઓ શરૂ કરવામાં આપને નિમિત્ત બનવા નમ્ર અનુરોધ કરવામાં આવે છે. સંસ્થાની વેબસાઈટ www.animalhelpline.in પર મુલાકાત લેવાથી વધુ માહિતી મેળવી શકાશે.

સંકલન : મિત્તલ ખેતાણી

## આણંદ:

શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન – આણંદ દ્વારા તા. ૧૯–૭–૨૦૧૫ને રવિવારના રોજ Kg થી PG પી.જી. અને Ph.D.  સુધીના વિદ્યાર્થીઓને ઇનામ આપી સન્માન કરવાનો કાર્યક્રમ આણંદ ખાતે સંસ્થાના એ.સી. હોલમાં, શહેરના જાણીતા  બીઝનેસ વુમન અને ભૂતપૂર્વ શિક્ષિકા શ્રીમતી ભારતીબેન શિંગાળાના મુખ્ય મહેમાનપદે અને શ્રી જયેશભાઈ કારીયાના પ્રમુખપદે યોજાઈ ગયો. સાથે સાથે અન્ય ક્ષેત્રમાં, રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાએ વિવિધ ઉપલબ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓ તેમજ જ્ઞાતિજનોનું પણ સન્માન પત્ર આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું. અતિથિવિશેષ પદેથી ભારતીબેન શિંગાળાએ બાળકોને તેમના લેવલના સારા સારા પુસ્તકો વાંચવાની શીખ આપીને જીવનમાં ખુબ જ આગળ વધવાના આશીર્વાદ આપ્યા. સમારંભની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના બાદ સંસ્થાના તંત્રીશ્રી નરેન્દ્રભાઈ માણેકે મહેમાનોનું સ્વાગત કરીને સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો.

સંકલન : નરેન્દ્રભાઈ માણેક

## શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન - ''શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર':

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા ''શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર''નું લોકાર્પણ તા. ૭મી જાન્યુઆરી, ૨૦૧૫નાં રોજ પરમપૂજ્ય વિશ્વ વંદનીય શ્રી મોરારી બાપુના હસ્તે થયું અને તે જ દિવસથી અહીં આરોગ્યસેવાનો આરંભ થયો છે આજ સુધીમાં ૪૨૯૧૬ જેટલા ઓ.પી.ડી.માં દર્દીઓની નિ:શુલ્ક દવા સાથે સારવાર, ૧૭૪ પ્રસુતિ (નિ:શુલ્ક સીઝેરીયન–૩૦ અને નોર્મલ – ૧૪૪), ૧૩૩૪ ડાયાલિસીસ, નિ:શુલ્ક (પોઝીટીવ –૭૪૧, નેગેટીવ ૫૯૩), ૧૯૬૮૦ નિ:શુલ્ક પેથોલોજી ટેસ્ટ અત્યાર સુધીમાં  નિ:શુલ્ક કરી દર્દી–નારાયણોની સેવા કરવામાં આવી છે.

૩જી ઓક્ટોબર, ૨૦૧૫ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કન્વેશનલ હોલ, હેલ્મેટ સર્કલ, મેમનગર ખાતે ગીત–સંગીતનાં કાર્યક્રમનું આયોજન કર્યું છે. જેમાં પાર્શ્વગાયક પાર્થિવ ગોહિલ અને હાસ્ય કલાકાર સાંઈરામદવે મનોરંજન કરાવશે. આપના માટે ઉત્તમ વ્યવસ્થા જાળવવા નિ:શુલ્ક પાસની આપની જરૂરિયાત જણાવશો તો આનંદ થશે. (મો. ૯૮૨૫૦૧૪૧૧૪)

- સંકલન : ડો. શ્રી નંદલાલ કે. માનસેતા

## હૈદરાબાદ:

શ્રી હૈદરાબાદ – સિકંદરાબાદ લોહાણા મહાજન દ્વારા વર્ષોથી ત્યાં જ રહેતા અને ઉછરેલા બાળકો તથા યુવાનોને ગુજરાતી ભાષા શીખવવા માટે દર રવિવારે નિ:શુલ્ક પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવે છે. પ્રમુખશ્રી રાજેશભાઈ રામાણી, મંત્રી શ્રી ચીમનભાઈ રાયચુરા તથા તેમની સમગ્ર ટીમ સુંદર પ્રવૃત્તિઓ કરી જ્ઞાતિએક્યનું કાર્ય કરી રહેલ છે.

સરાહનીય : સમાજના અનેક નાના મોટા પ્રસંગોમાં પ્રસંગ પૂર્ણ થયા બાદ અન્નનો બગાડ ન થાય તે હેતુથી એક સુંદર ટીમ તૈયાર કરી જ્યાંથી પણ આવો ફોન આવે, તુરંત જ સંકલન કરી તમામ ખાદ્ય ચીજો જરૂરિયાતમંદ તેમજ ગરીબોને પહોંચાડવામાં આવે છે. આ સુંદર સેવાકાર્ય શરૂ કરવા બદલ રાજેશભાઈ, જયેશભાઈ, અરવિંદભાઈ, નીતીનભાઈ, રમેશભાઈ, અનિષભાઈ, સુનિલભાઈ, સંજયભાઈ, દિપેશભાઈ, હરીશભાઈ, અજયભાઈ, ઉદયભાઈ, હાર્દિકભાઈ, કિરણભાઈ તથા તમામ યુવામિત્રોને ખૂબ ખૂબ અભિનંદન.

સંકલન : શ્રી નીતિન નથવાણી

## જૂનાગઢઃ

જૂનાગઢ લોહાણા મહાજન વાડી નં. ૨ ''શ્રી જલારામવાડી'' ખાતે માર્ચ–૨૦૧૫માં લેવાયેલ કે.જી.થી ગ્રેજ્યુએટ સુધીના અભ્યાસમાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરનાર ૭૫૦ રઘુવંશી તારલાઓને સન્માનવાનો એક કાર્યક્રમતા. ૯–૮–૨૦૧૫, રવિવારના રોજ લોકલાડીલા ધારાસભ્ય / મહાજન પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મશરૂના અધ્યક્ષ સ્થાને તથા જાણીતા દાતા શ્રી વિમલભાઈ આડતીયાના મુખ્ય અતિથિ પદે યોજાઈ ગયેલ. જૂનાગઢ લોહાણા મહાજનના ઉપક્રમે માર્ચ–૨૦૧૫માં લેવાયેલ L.K.G. થી ગ્રેજ્યુએટ સુધીની પરીક્ષાઓમાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરનાર રઘુવંશી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું. આ સન્માન સમારોહમાં ૭૫૦ તારલાઓ પૈકી ૪૦૦ જેટલા તેજસ્વી તારલાઓને શિલ્ડ અને ૩૫૦ તેજસ્વી તારલાઓને પ્રોત્સાહક ઇનામો આપી સન્માન કરવામાં આવેલ. શ્રી ડોલરભાઈ કોટેચાને સહકારી ક્ષેત્રે, પ્રદિપભાઈ ખીમાણીને સામાજીક ક્ષેત્રે, ડૉ. કે. બી. પંચાલ સાહેબ, હિંમતભાઈ સોઢા સાહેબ તથા કુ. પરિતાબેન ગઢિયાનું તબીબી ક્ષેત્રએ સામાજીક સેવા બદલ સન્માન કરવામાં આવ્યું.

**સંકલન : નંદલાલ ચોલેરા**

**'અગિયારમો સરસ્વતી સન્માન સમારોહ'** ભારે ઉત્સાહપૂર્વક સંપન્ન થયો.

તાજેતરમાં તા. ૧૫–૮–૨૦૧૫ મયારામબાપુના આશ્રમ, જૂનાગઢમાં શ્રી પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ તથા રઘુવંશી સખી સહિયર વૃંદ, જુનાગઢ તરફથી અગિયારમા સરસ્વતી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન મળે તે માટે પ્રમાણપત્ર / નોટબુક / સ્ટેશનરી એનાયત કરવામાં આવેલ હતા. બાળકોમાં છુપાયેલ સંગીતની કળા બહાર લાવવા સ્ટેજ પર બોલાવી તેઓને ગાવાની તક આપી પ્રોત્સાહિત કર્યા હતા. વિશિષ્ટ પ્રતિભા સંપન્ન વ્યક્તિઓને સાલ ઓઢાડી અને સન્માન સુમન અર્પણ કરી બિરદાવવામાં આવેલ.

**''યોગ ભગાવે રોગ''**

તાજેતરમાં તા. ૧૫–૮–૨૦૧૫ મયારામ બાપુના આશ્રમ, જુનાગઢમાં ''યોગ ભગાવે રોગ'' શિબિરનું ભવ્ય આયોજન સંપન્ન થયું હતું. આઝાદ દિન નિમિત્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગાન કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. જેમાં લાફીંગ થેરેપી નિષ્ણાત શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીએ હાસ્ય ચિકિત્સા અંગે પ્રત્યક્ષ પ્રયોગો શિબિરાર્થીઓને શિખવાડી દરરોજ નિયમિત ૪૫ મિનિટ આ પ્રયોગો કરવાથી તન–મન–તંદુરસ્ત રહે છે. લાફીંગ થેરાપી અને યોગાસન પ્રાણાયામથી દરેક કોષોને પુરતો પ્રાણવાયુ મળે છે જેથી શરીર તાજગી અનુભવે છે અને મન પ્રસન્ન રહે છે. આ નિઃશુલ્ક ક્રિયા ૬.૩૦થી ૭.૩૦ ચાલુ છે તેમાં જોડાવા જુનાગઢના નાગરિકોને અનુરોધ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. રામકૃષ્ણભાઈ જોષી, શ્રીમતી વિભાબેન જોષી, શ્રીમતી સુધાબેન જગદીશભાઈ સોની, શ્રી વિજયભાઈ મિશ્રાણી, ડૉ. હરસુખભાઈ વઘાસીયા તથા કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. બધાએ શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીનો આભાર માનેલ. યોગનાં પ્રયોગો શ્રી શાંતિભાઈ રાજાએ બતાવેલ.

**સંકલન : શ્રી ચેતનાબેન મિશ્રાણી**

## રાપરઃ રાપર ભચાઉ ક્રિકેટ ટુર્નામેન્ટ - સંગઠન કપ

રાપરમાં શ્રી મોર્નીંગ ક્રિકેટ ગ્રુપ દ્વારા રાપર ભચાઉ લોહાણા જ્ઞાતિની ક્રિકેટ ટુર્નામેન્ટ સંગઠન કપનું ભવ્ય આયોજન કરાયું હતુ. તેમાં રાપરની જલારામ ઈલેવન અને જલીયાણ ઈલેવન તથા ભચાઉની રઘુવંશી રોયલ્સ અને જલારામ રાઇડર્સ ટીમોએ ભાગ લીધેલ ટુર્નામેન્ટના અંદે જલીયાણ ઇલેવન રાપર વિજેતા થઇ હતી. સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવા દયારામ કેવળરામ આદુઆણી પરિવાર, ચંદુલાલ પરસોત્તમ રાજદે પરિવાર, વિશનજી કુંવરજી કારીયા પરિવાર, મનસુખલાલ પાનાચંદ પુજારા પરિવાર, રતનશી મોનજી ચંદે પરિવાર સહયોગી રહ્યા હતા. જમણવાર અને અલ્પાહારની વ્યવસ્થા કિર્તીભાઇ અમરશીભાઇ રામાણી તથા જલારામ સત્સંગ સેવા મંડળ–બાદરગઢ પાટીયા દ્વારા કરાઇ હતી. ચા–કોફીની વ્યવસ્થા શંકરલાલ મોહનલાલ રાચ્છે કરી હતી.

**સંકલન : રસિકભાઈ ઠક્કર - રાપર**

## મુંબઈઃ

શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ, માટુંગા દ્વારા દર વર્ષ પ્રમાણે પરંપરાગત રીતે કચ્છી નવું વરસ અષાઢી બીજ તા. ૧૭ જુલાઈ, ૨૦૧૫ શુક્રવારના રોજ રામબાગ માટુંગા ખાતે સાંજના સમયે ઉત્સાહભેર ઉજવણી કરાઈ. પ્રારંભે કુળદેવ શ્રી દરિયાલાલ સમક્ષ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, પ્રમુખશ્રી સર્વે ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી પદાધિકારીઓ સાથે શ્રી કચ્છી લોહાણા મહાજન, મુંબઈના માનદમંત્રી શ્રી નીતિનભાઈ પાંધી અને કારોબારી સદસ્ય શ્રી હરેશભાઈ મજેઠીયા દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનુભાઈ દેવચંદભાઈ કોઠારીએ સૌને ઉમળકાભેર આવકાર આપી કચ્છી નવા વરસના વધામણા આપ્યા હતા. પ્રમુખશ્રી અશોકભાઈ ઇન્દ્રજીતભાઈ પલણ, સર્વે ટ્રસ્ટીશ્રીઓ શ્રી ભરતભાઈ શંકરલાલ સચદે, શ્રી યોગેશભાઈ કાંતિલાલ ચોથાણી અને શ્રીમતી માલતીબેન મનુભાઈ કોઠારીએ કચ્છી નવું વરસ સૌ જ્ઞાતિજનો માટે આબાદ, ઉન્નતિસભર રહે એવી શુભકામના વ્યક્ત કરી હતી.ત્યારબાદ હીના ઠક્કર એન્ડ પાર્ટી દ્વારા કચ્છ – ગુજરાતના તળપદા લોકગીતો – દુહા – છંદ અને રાસની રમઝટ જામી હતી. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનો લાભ ઉપસ્થિત સૌએ પ્રેમપૂર્વક લીધો હતો.

**સંકલન : શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ**

## ફેબ્રુઆરી – ૨૦૧૬માં ભાણસાહેબ ગાદીસ્થાન કમીજલા મુકામે વિશ્વ વંદનીય સંત શ્રી મોરારી બાપુની રામકથાનું આયોજન

તા.૯ ઓગસ્ટ, ૨૦૧૫ને રવિવારના રોજ પૂ. જાનકીદાસ બાપુ તથા રામકથા સમિતિ દ્વારા સમગ્ર ગુજરાતના રઘુવંશી આગેવાનોની એક મિટીંગ ફેબ્રુઆરી-૨૦૧૬માં યોજાનાર પૂજ્ય મોરારી બાપુની રામકથાના આગોતરા આયોજન માટે કમીજલા ખાતે યોજાઈ.

પૂ. જાનકીદાસ બાપુએ ભાવસભર રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ખૂબ જ ટૂંકા સમયમાં વિશ્વ વંદનીય સંત શ્રી મોરારી બાપુની કથા મળવી તે સમગ્ર રઘુવંશી સમાજનો પ્રેમ અને પૂ. ભાણસાહેબના આશીર્વાદ માત્ર છે. આ સમગ્ર આયોજન માટે સમગ્ર રઘુવંશી સમાજે દર્શાવેલા અદમ્ય ઉત્સાહ બદલ શ્રી જાનકીદાસ બાપુએ ધન્યતાની લાગણી અનુભવી હતી.

આજ વિષય પર માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પણ પોતાની ભાવનાઓ વ્યક્ત કરતાં આ પ્રસંગ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાશે જ તેવો વિશ્વાસ વ્યક્ત કરી અને સમાજના સંગઠન માટે આ સુવર્ણ અવસર બની રહેશે તેવું જણાવ્યું હતું. વધુમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે, માતૃસંસ્થાનું કાર્યાલય આ આયોજન માટે તમામ પ્રકારની વ્યવસ્થા માટે ઉપયોગમાં લેવા સંદેશો મોકલાવી, પોતે વિદેશ હોવાથી દૂરદૂરથી પધારેલા તમામ જ્ઞાતિબંધુઓને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.

સંકલન : હિંમતભાઈ કોટક

## શાબાશ રઘુવંશી



મિત્તલ ખેતાણી, રાજકોટ

ગુજરાત ગૌશાળા અને પાંજરાપોળ સંઘ, ગાંધીનગરના મંત્રી તરીકે નિમણૂંક થવા બદલ.



હાર્દિક મુકેશ પૂજારા

રાઈટર સ્કેગ એવોર્ડ - અદ્વિતીય પ્રદર્શન બદલ.



પ્રથમ દિવ્યેશભાઈ મદલાણી

ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં અદ્વિતીય પ્રદર્શન કરવા બદલ.

*A dream becomes a goal when action is taken toward its achievement.*

## નિબંધ સ્પર્ધા

### અનામત : દુષણ, ભૂષણ કે આભૂષણ ?

ઉપરોક્ત વિષય ઉપર પોતાના વિચારો ઓછામાં ઓછા ૩૦૦ અને વધુમાં વધુ ૫૦૦ શબ્દોમાં સુવાચ્ય અક્ષરે (શક્ય હોય તો પ્રિન્ટેડ કોપી) માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.
પ્રથમ પાંચ શ્રેષ્ઠ સ્પર્ધકોને શ્રી રઘુકુળ વિશ્વની પ્રત (નકલ) આગામી પાંચ વર્ષ માટે સ્પર્ધક ઈચ્છે તે સરનામે ભેટ સ્વરૂપે મોકલી આપવામાં આવશે. પ્રથમ બે શ્રેષ્ઠ સ્પર્ધકોની કૃતિ શ્રી રઘુકુળ વિશ્વના આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.
દરેક સભ્યને પોતાની કૃતિ સાથે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો સંપૂર્ણ સરનામું, ઈમેલ તથા ફોન નંબર અવશ્ય લખવો.
આ કૃતિઓની ચકાસણી પાંચ સભ્યોની મૂલ્યાંકન સમિતિ દ્વારા કરવામાં આવશે જે આખરી ગણાશે.

**આપની કૃતિ મોકલવાનું સરનામું :**

શ્રી લોહાણા મહાપરિષદઃ સેલર - ઇસ્કોન મેગા મોલ, ઇસ્કોન મંદિર પાસે, એસ. જી. હાઈવે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2013-2015 valid upto 31st December-2015
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th September 2015




**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Himanshubhai Thakkar (Incharge)
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon temple, S G Highway, Satellite, Ahmedabad - 380015 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)